

# ન્યાયની દેવીના આ તે કેવા ન્યાય-અન્યાય..?

**ક્લોઝ-અપ જિંદગી**

★ ભરત ઘેલાણી

**‘લેડી ઓફ જસ્ટિસ’- ન્યાય દેવીની મૂર્તિની આપણે ‘કાયાકલ્પ ’કરી અને વધુ બળુકી બનાવી છે પણ ન્યાયની ક-સુવાવડને લીધે આરોપી ઠરેલી કોઈ વ્યક્તિ પાછળથી નિર્દોષ પુરવાર થાય તો કારાવાસમાં એણે વ્યર્થ જે સમય ગુમાવ્યો અને બદનામી સાથે જે આર્થિક ખુવારી વેઠી એનું વળતર મળે ખરું..? કાયદાશાસ્ત્રીઓ શું કહે છે....**

આપણે બધા જેને ‘ન્યાયની દેવી’ તરીકે ઓળખીએ છીએ એની પ્રતિમાના એક હાથમાં ત્રાજવું છે, જેનાથી એ કોણ સાચું-ખોટું એનો ન્યાય તોળે છે. બીજા હાથમાં ધારદાર તલવાર છે, જે ન્યાય કેવો શક્તિશાળી છે એ દર્શાવે છે. એ ન્યાયની નારીની આંખો પર પાટો બાંધ્યો છે, જે સમજાવે છે કે એની નજરે રાજા-રંક બધા એકસરખા છે. જગત આખામાં ન્યાયની મૂર્તિ આવી છે પણ આપણા ન્યાયતંત્રે એમાં નોંધનીય ફેરફાર કર્યા છે. આપણી સ્વદેશી ન્યાયમૂર્તિની આંખે પાટા નથી જે દર્શાવે છે કે આપણો ન્યાય આંધળો નથી. એ જ રીતે એના હાથની તલવાર દૂર કરી ત્યાં આપણું સંવિધાન-બંધારણનો ગ્રંથ ગોઠવવામાં આવ્યો છે જે દર્શાવે છે કે ન્યાય માટે આ દેશમાં બધાંને સમાન હક્ક આપવામાં આવ્યા છે.

ન્યાયમૂર્તિની આ કાયાપલટ આજના સમયમાં યથાર્થ છે. આપણું ન્યાયશાસ્ત્ર કહે છે કે સાત ગુનેગાર ભલે છૂટી જાય પણ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ પણ વાસ્તવિકતા શું છે?

વાસ્તવિકતા વરવી-કડવી છે. કોવિડ લોકડાઉનને લીધે આપણી અદાલતોમાં આજે અધધધ પાંચ કરોડથી વધુ પડતર કેસ છે ! હા, આજે અગત્યના કેસોનું ઓનલાઈન હિયરિંગ પણ શરૂ થયું છે પણ આજે માર્ચ-૨૦૨૬માં ખુદ સુપ્રીમ કોર્ટ પાસે ૯૦ હજારથી વધુ કેસ પેન્ડિંગ છે. આ કેસના આવા ભરાવાને અંકુશમાં લેવા હમણાં ખુદ સર્વોચ્ચ અદાલતે જાહેર કરવું પડયું કે અમારા પર કેસોનું ભારણ ખૂબ વધી ગયું છે એટલે બીજા નવા કેસ અમે લઈ શકીએ તેમ નથી..! બીજી તરફ, દેશભરનાં ન્યાયાલયોના આશરે ૨૩ લાખ કેસમાં તો છેલ્લાં ૧૩-૧૪ વર્ષથી ‘તારીખ પે તારીખ’ પડયા કરે છે. દહેરાદૂનના એક છેતરપિંડીના કિસ્સામાં ૯ વર્ષથી કેસ ચાલી રહ્યો છે. એમાં ૮૩ વાર તો કોર્ટની મુદત પડી છે તો અહીં એક કેસ ૩૮ વર્ષથી પેન્ડિંગ છે અને ૨૪થી વધુ કેસ તો છેલ્લાં ૩૦ વર્ષથી પડતરમાં છે!

‘જસ્ટિસ ડિલેડ ઈસ જસ્ટિસ ડિનાઈડ’- મોડો ચુકાદો મળે એ અન્યાય થવા બરાબર છે જેવી વાત આપણે ત્યાં બહુ ગંભીરતાથી લેવાતી નથી. કેટલીક વાર એવી પણ કરુણતા સર્જાય છે કે લાંબી સુનાવણી પછી ચુકાદો આવે-અપરાધીને જેલ થાય. પાછળથી કોઈક કારણસર એનો કેસ ફરી ચાલે ત્યારે ખ્યાલ આવે કે અગાઉ કશું કાચું કપાઈ ગયું હતું એટલે એને ‘બા-ઈજ્જત રિહા કિયા જાય.’ જેવું ફરમાન કોર્ટ આપે ત્યાં સુધીમાં તો પેલો ‘કેદી’ ઉર્ફે નિર્દોષે તો કેટલાંય વર્ષ જેલમાં વીતાવી દીધાં હોય!

આ ૨૦૨૫ -૨૦૨૬ ના માર્ચ મહિના સુધીમાં આવા અનેક કેસ બહાર આવ્યા છે. એમાંથી કેટલાકની વિગતો તો આપણને આંચકા - આશ્ચર્ય સાથે દિગ્મૂઢ કરી દે એવી છે, જેમ કે-

- ગયા અઠવાડિયે જ જેનો ચુકાદો આવ્યો એ કેસથી શરૂઆત કરીએ તો પુત્રીના પ્રેમીની હત્યા કરી એની લાશ ટ્રેનમાંથી ફગાવી દેવાના આરોપસર એક પરિવારના પાંચ લોકોની ધરપકડ થઈ હતી. થાણે - મહારાષ્ટ્રનો આ કેસ ૨૦૧૮થી ચાલતો હતો. હવે પૂરતા પુરાવાના અભાવે કોર્ટે એ પાંચેય આરોપીને નિર્દોષ છોડી દીધા છે.

- કૂચબિહાર (પશ્ચિમ બંગાળ) માં જીવતાં સળગાવી મૂકવાના આરોપ પછી પત્નીએ મરણોત્તર આપેલા પોલીસ નિવેદન મુજબ એના પતિને આજન્મ કેદની સજા થઈ હતી. ૧૦ વર્ષથી એ કેદ ભોગવી રહ્યો હતો.

પત્નીનું મરણોત્તર નિવેદન શંકાસ્પદ જણાતાં ગયા અઠવાડિયે કલકત્તા હાઈકોર્ટે કેદ ભોગવી રહેલા પતિને નિર્દોષ જાહેર કર્યો છે.

આ બધા તાજા કેસોની એક ઝલક માત્ર છે... આવા જ એક અગત્યના ચુકાદામાં મુંબઈ હાઈકોર્ટે પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ૭ વર્ષથી કેદ ભોગવી રહેલા બ્રહ્મોસ કેન્દ્રના એક યુવાન વિજ્ઞાની નિશાંત અગ્રવાલને નિર્દોષ મુકત કર્યો છે. સેજલ નામધારી એક પાકિસ્તાની સુંદરીએ આ વિજ્ઞાનીને હનીટ્રેપ દ્વારા ફસાવવાનો પ્રયાસ કર્યો હતો.


- ગયા ડિસેમ્બરમાં એક વધુ કેસમાં એક આરોપીને ૩૩ વર્ષ બાદ મુક્તિ મળી છે. છેક ૧૯૯૨માં મુંબઈની એક લૂંટ કેસમાં રજનીકાન્તને આરોપી ઠેરવીને કેસ ચાલી રહ્યો હતો પણ પોલીસ અને સરકારી પક્ષ જોઈતા પુરાવા પેશ ન કરી શક્યા પરિણામે મુંબઈ સેશન કોર્ટે એને નિર્દોષ કરાર આપ્યો છે.

- જેલમાં લાંબી સજા ગાળ્યા પછી નિર્દોષ છૂટે એવો એક કેસ મુંબઈનો છે. એમાં એક સગીરા સાથે દુષ્કર્મ કરવા બદલ ૫૫ વર્ષની એક વ્યક્તિને સજા થઈ. ૮ વર્ષ એણે કારાવાસમાં કાઢ્યા પછી એ કેસની ફરી સુનાવણી થઈ એમાં દુષ્કર્મનો આરોપ પુરવાર ન થતાં પેલી વ્યક્તિનો જેલમાંથી છૂટકારો થયો.

- આવા જ એક કેસને લઈને કેરળમાં ભારે ઊહાપોહ થયો હતો કારણ કે એક જાણીતી અભિનેત્રીનું અપહરણ અને બળાત્કારના આરોપસર મલયાલમ ફિલ્મોના એક પ્રસિદ્ધ અભિનેતા દિલીપની ધરપકડ થઈ પછી ૮ વર્ષથી એ કેસ ચાલી રહ્યો હતો. ડિસેમ્બર -૨૫માં કેરળ કોર્ટે દિલીપને બધા જ આરોપમાંથી મુક્તિ આપી છે.

અહીં તો આપણે ૨૦૨૫ -૨૬ના તાજા કેસોની વિગતો જાણી. બાકી આવા તો બીજા અનેક વિવાદાસ્પદ કેસો અહીં ઉખેળી શકાય પણ અંતે તો એક જ સવાલ - પ્રશ્ન ખડો થાય : ન્યાયની આવી ક-સુવાવડ માટે અંતે જવાબદાર કોણ? આરોપી પર કેસ દાખલ કરી એને કારાવાસમાં ધકેલી દેનારા કાયદાના રક્ષક કે પછી કાચબાની ગતિએ કેસ ચલાવી એને સજા ફટકારનારું ન્યાયાલય?

લાંબો કારાવાસ ભોગવ્યા પછી આસામી બહાર આવે -‘નિર્દોષ’નો શિરપાવ મળે તોય જેલવાસ દરમિયાન સમાજમાં પ્રતિષ્ઠા ગુમાવી દેવા ઉપરાંત એ આર્થિક રીતે પણ ખુવાર થઈ ગયો હોય છે. આવા ‘નિર્દોષ’ અપરાધીને કોઈ વળતર મળે ખરું?



આનો જવાબ બહુ પેચીદો છે. અનેક જાણીતા ન્યાયવિદો કહે છે કે સુનાવણીમાં અતિ વિલંબ થાય પછી પ્રતિવાદી સામેના આક્ષેપો પડતા મુકાય કે પછી જો એ જેલમાં હોય અને મુક્તિ મળે તો એને ન્યાયાલયે જરૂર આર્થિક વળતર આપવું જોઈએ. આવા કિસ્સા માટે જરૂર છે કોઈ ચોક્કસ કાયદાની. જો કે કેટલાક જાણીતા કાયદા નિષ્ણાતો કહે છે કે વળતરના આવા કોઈ નવા ચોક્કસ કાયદાની આપણે જરૂર નથી. આવા કિસ્સામાં કેટલીક વાર નામદાર ન્યાયમૂર્તિ કેસની ગંભીરતા જોઈને સામેથી યોગ્ય વળતર અપાવતા જ હોય છે.

- અને છેલ્લે એક વાત તો એ પણ યાદ રાખવા જેવી છે કે કાયદો અને ન્યાય એ બન્ને સદંતર ભિન્ન વાત ને પ્રક્રિયા છે!

## ‘તારીખ પે તારીખ’ને પછી...

**આપણું ન્યાયતંત્ર ક્યારેક કઈ રીતે વર્તે છે એના પણ બે -ત્રણ નમૂનારૂપ કિસ્સા જાણવા જેવા છે,જેમ કે...**

**» મહારાષ્ટ્ર ગ્રામ્ય વિકાસ વિભાગના એક અધિકારી આનંદરાવ પાટીલ પર રૂપિયા ૫૦૦ની લાંચ લેવાના આરોપસર છેક ૨૦૦૨થી કેસ ચાલી રહ્યો હતો. પાટીલભાઉ આ દરમિયાન અવસાન પામ્યા પણ એમના પર લાગેલું ભ્રષ્ટાચારનું લાંછન દૂર કરવા એના પરિવારવાળા આ કેસ લડી રહ્યા હતા અને હવે હાઈકોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા છે...**

**છેક ૨૩ વર્ષ બાદ!**

**» અમદાવાદના એક પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિ પર રૂપિયા ૨૦ની લાંચ લેતા ઝડપાયાનો કેસ ચાલ્યો. ૭ વર્ષની સજા થઈ. એની વિરુદ્ધ એ ગુજરાત હાઈકોર્ટમાં ગયા. એ કેસ છેલ્લાં ૨૮ વર્ષથી ચાલી રહ્યો હતો. એનાથી થાકેલા - કંટાળેલા વૃદ્ધ બાબુભાઈ કહેતા : ‘‘હવે ભગવાન બોલાવી લે તો સારું ...’’ હમણાં ફેબ્રુઆરીમાં કોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા અને બસ, જાણે એ જ ચુકાદાની રાહ જોતાં હોય તેમ ચુકાદાના બીજે જ દિવસે એમણે શ્વાસ સંકેલી લીધા..!**



**» હવે આ પણ જાણી લો કે બે શખસ પર મુંબઈમાં રૂપિયા ૭.૬૫ પૈસાની ચોરીનો આરોપ હતો. એ બન્ને આરોપી ગાયબ હતા. પોલીસ એમને શોધી ન શકી. ૧૯૭૭થી એનો કેસ ચાલતો હતો. ‘તારીખ પે તારીખ’ પડતી રહી. એ દરમિયાન ફરિયાદીનું પણ પગેરું મળતું ન હતું... છેલ્લે પોલીસ અને મઝગાંવ કોર્ટે કંટાળીને ૫૦ વર્ષથી ચાલતા આ કેસને બંધ કરવાનો નિર્ણય હમણાં જાહેર કર્યો છે!**